# અક્રમ યુથ

નવેમ્બર ૨૦૨૪ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20




## લર્ન

## – Learn

## ગુજરાતી

# અનુક્રમણિકા


4 અક્રમ વિજ્ઞાન

6 પ્રગટ્યું વિજ્ઞાન, ગુજરાતી ભાષામાં

7 જ્ઞાની વિથ યુથ

9 અનુભવો...

15 લર્ન ગુજરાતી પાઠશાળા

18 વડીલોની બેચ

23 કવિતા



વર્ષ: ૧૨, અંક : ૭
સળંગ અંક : ૧૩૯
નવેમ્બર ૨૦૨૪



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by & Published from :**
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

**Printed at :**
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation.
All Rights Reserved



Total 24 Pages with Cover page



# સંપાદકીય

જય સચ્ચિદાનંદ,

ધન્ય છે આ પાવન ગુજરાતની ધરા, જ્યાં છેલ્લા 150 વર્ષમાં બે જ્ઞાની પુરુષો અવતર્યા છે: શ્રીમદ્ રાજચંદ્રજી અને દાદા ભગવાન. એમની દિવ્ય વાણી ભવિષ્યના શાસ્ત્રરૂપે જગત માટે લાભકારી સાબિત થશે.

એમની મોટા ભાગની વાણી ગુજરાતીમાં છે. અધ્યાત્મને ઊંડાણપૂર્વક સમજવા માટે, જો આપણે એમની વાણીનું આરાધન કરવું હોય, તો ગુજરાતી ભાષા આવડવી અનિવાર્ય છે. ગુજરાતી ભાષા શીખવાથી દાદાની વાણી જેમ છે તેમ સમજવામાં સરળતા થાય છે.

મહાત્માઓ અને મુમુક્ષુઓએ પોતાની ભાષામાં જ્ઞાનીની વાણીનો લાભ લઈ શકે, તે માટે દાદાની ગુજરાતી વાણીના અનુવાદ અનેક ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેમ કે: હિન્દી, અંગ્રેજી, બંગાળી, પંજાબી, તેલુગુ, સ્પેનિશ, જર્મન અને અન્ય. છતાં, જો મૂળ અર્થ સમજવો હોય, તો ગુજરાતી ભાષામાં દાદાની વાણી વાંચવી શ્રેષ્ઠ છે.

ગુજરાતી ભાષા દરેકને સરળતાથી સમજાય અને એ દ્વારા મોક્ષ માર્ગે પ્રગતિ થાય, તે હેતુથી "Learn ગુજરાતી" પ્રોજેક્ટ જાન્યુઆરી 2020થી ચાલી રહ્યો છે. આ અંકમાં પ્રોજેક્ટના અનુભવો, કોર્સની વિગતો વગેરેનું સંકલન કરવામાં આવ્યું છે.

તો ચાલો, બધા મહાત્માઓને ગુજરાતી વાંચતા અને બોલતા કરીએ...

Let's Learn Gujarati!

- ડિમ્પલભાઈ મહેતા



# અક્રમ વિજ્ઞાન

**અક્રમ વિજ્ઞાન એ વ્યવહારિક જીવનમાં ઉપયોગી એવું આધ્યાત્મિક વિજ્ઞાન છે અને મોક્ષ માટેનો 'શોર્ટ કટ' માર્ગ છે.**

"મારે જાણવું છે કે, મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થાય ?"

પરંપરાગત રીતે, મોક્ષમાર્ગમાં લોકોને પોતાના સાંસારિક જીવન અને ભૌતિક સંપત્તિનો ત્યાગ કરવો પડતો હોય છે. તેમાં પોતાના અહંકારનો વિલય કરવા માટે આંતરિક નબળાઈઓ દૂર કરીને, સંયમનો અભ્યાસ કરવો પડે છે અને પછી છેલ્લે 'આત્મા' પ્રાપ્ત થાય છે. અક્રમ વિજ્ઞાનમાં આમાંનું કંઈ જ કરવાની જરૂર નથી.

## અક્રમ વિજ્ઞાનથી બે સ્ટેજે મોક્ષ પ્રાપ્ત થાય છે.

આ આધ્યાત્મિક માર્ગમાં, જ્યારે તમને આ જ જીવનમાં તમામ પ્રકારના દુઃખોથી મુક્તિનો અનુભવ થાય ત્યારે, તમને પહેલા સ્ટેજનો મોક્ષ પ્રાપ્ત થાય છે. દુઃખની વચ્ચે પણ તમને સ્વાભાવિક સહજ સુખનો અનુભવ થશે.

જ્યારે તમારા બધા કર્મો સંપૂર્ણપણે પૂરા થઈ જાય છે અને તમે જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થાવ છો, ત્યારે તમને બીજા સ્ટેજનો મોક્ષ પ્રાપ્ત થાય છે. આ જ અંતિમ મોક્ષ છે !

પ્રથમ સ્ટેજનો મોક્ષ અહીં જ અને અત્યારે જ પ્રાપ્ત થઈ શકે તેમ છે પણ, શું આ તમને અશક્ય લાગે છે ? ના, એવું નથી ! હજારો લોકોએ આનો અનુભવ કર્યો છે અને તેમના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

અક્રમ વિજ્ઞાન વ્યક્તિને, કોઈ પણ પરિસ્થિતિમાં અસરમુક્ત રહેવા માટે સમર્થ બનાવે છે અને આમ પ્રથમ સ્ટેજના મોક્ષનો અનુભવ કરી શકાય છે.

અક્રમ વિજ્ઞાનમાં, જ્યારે જ્ઞાનીની કૃપાથી આત્મા માટેની સંપૂર્ણ અજ્ઞાનતા જાય છે, ત્યારે અંદરથી ફેરફાર થવા માંડે છે. આત્મજ્ઞાન પ્રાપ્તિના વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા માત્ર બે કલાકમાં જ આત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે જે જ્ઞાનવિધિ તરીકે ઓળખાય છે. ત્યારબાદ, કશું જ ત્યાગ કરવાનું રહેતું નથી. 'હું ખરેખર કોણ છું ?' તેની સાચી સમજણ અને દ્રઢ પ્રતીતિ બેસવાથી દરેક સંજોગોમાં વ્યકિત સમતા રાખી શકે છે.

## અક્રમ વિજ્ઞાનની વિશેષતાઓ

- જ્ઞાનીની કૃપાથી, માત્ર બે કલાકમાં જ આત્માનો અનુભવ કરવાનો આ સૌથી સરળ આધ્યાત્મિક માર્ગ છે.
- આધ્યાત્મિક વિજ્ઞાન છે, કોઈ ધર્મ નહીં.
- ક્રિયાકારી આધ્યાત્મિક વિજ્ઞાન છે, જે તમારા જીવન અને સંબંધોમાં સકારાત્મક પરિવર્તન લાવશે.
- તમારે તમારો ધર્મ કે ગુરુ બદલવાની જરૂર નથી.
- કોઈ ધાર્મિક ક્રિયાઓ કરવાની હોતી નથી.
- તમારા પરિવારનો ત્યાગ કરવાની કે સુખ-સગવડોને છોડવાની જરૂર નથી.

અક્રમ વિજ્ઞાન, સાચી સમજણ પર આધારિત છે, જે અંતે સાચા વર્તનમાં પરિણમે છે. આ વિજ્ઞાન સમજવામાં ખૂબ સરળ, આ કાળને અનુરૂપ અને પ્રેક્ટિકલ છે.

## અક્રમ વિજ્ઞાનનો ઈતિહાસ

જગતને અક્રમ વિજ્ઞાનના માર્ગની ઓળખાણ જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદાશ્રીએ આપી, જેઓ 'દાદા ભગવાન' તરીકે પણ ઓળખાય છે.

તેમનું નામ અંબાલાલ મૂળજીભાઈ પટેલ હતું, વ્યવસાયે તેઓ કોન્ટ્રેક્ટર હતા. જૂન, ૧૯૫૮ની એક સાંજે, જયારે તેઓ સુરતના રેલવે સ્ટેશનના બાંકડે બેઠા હતા, ત્યારે કુદરતે અધ્યાત્મ માર્ગનું અદ્ભુત આશ્ચર્ય સર્જ્યું. એક કલાકમાં વિશ્વદર્શન લાધ્યું ! જગતના તમામ આધ્યાત્મિક પ્રશ્નોના ઉત્તરો દેખાયા ને પ્રશ્નો સંપૂર્ણ વિલય થયા ! 'જગત શું છે ? કેવી રીતે ચાલે છે ? ભગવાન કોણ ? આપણે કોણ ? કર્મ શું ? બંધન શું ? મુક્તિ શું ? મુક્તિનો ઉપાય શું ?' એવા અસંખ્ય પ્રશ્નોના ફોડ દેખાયા.

> *"તમે જે સુખ ખોળો છો તે 'આમાં' નહીં મળે. (સાચું) સુખ એ આત્મામાં છે. અમે એ સુખ ચાખેલું છે, અનુભવેલું છે."* - દાદા ભગવાન

આ બધું તેમની અનંત અવતારોની આધ્યાત્મિક શોધ અને પુરુષાર્થનું પરિણામ હતું. એમને જે પ્રાપ્ત થયું એ તો એક આશ્ચર્ય જ સર્જાયું. પણ એ આશ્ચર્યમાંય આશ્ચર્ય એટલે તેમની પાસે આવનારા મુમુક્ષુઓને પણ એ જ અનુભવ કરાવવાની તેઓની સમર્થતા ! એમને પ્રાપ્ત થયું, એ જ્ઞાનની પ્રાપ્તિ તેઓ માત્ર બે જ કલાકમાં અન્યને પણ કરાવી આપતા, એમના અદ્ભુત જ્ઞાનપ્રયોગથી. હજારો મુમુક્ષુઓએ જ્ઞાનવિધિ દ્વારા તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે, અને બીજા હજારો પ્રાપ્ત કરી રહ્યા છે, આ 'અક્રમ વિજ્ઞાન' થકી.

## અક્રમ વિજ્ઞાનની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદાશ્રીએ, પૂજ્ય નીરુમા અને પૂજ્ય દીપકભાઈને સત્સંગ અને જ્ઞાનવિધિ કરવા માટે સિદ્ધિ આપી હતી. હાલમાં, આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ પ્રશ્નોત્તરી સત્સંગ અને જ્ઞાનવિધિ દ્વારા આ આધ્યાત્મિક માર્ગ દેશ-વિદેશમાં અવિરતપણે પહોંચાડી રહ્યા છે.



# પ્રગટ્યું વિજ્ઞાન, ગુજરાતી ભાષામાં

આ વર્લ્ડનું ભારે અજાયબ વિજ્ઞાન છે, અવિરોધાભાસ છે, સિદ્ધાંતિક છે. આ ‘અક્રમ વિજ્ઞાન’, આખા વર્લ્ડનું કલ્યાણકારી છે. એને સમજો ! જો આ ગુજરાતી શીખશો તો આ વિજ્ઞાન સમજશો. બધી જ ભાષાઓમાં ગુજરાતી ભાષાને ‘માત’ તરીકે ગણજો. અને જેને આ જ્ઞાન શીખવું હશે તેણે ગુજરાતી ભાષા ભણવી જ પડશે.

‘તમારી તળપદી ભાષામાં તમે ચોવીસ તીર્થંકરોનું વિજ્ઞાન મૂક્યું, એ અજાયબી જ કરી છે ને, શું તમારી તળપદી ભાષાની વાત, અમને બહુ મજા આવે છે !’ – મહાત્માના અનુભવ



# જ્ઞાની વિથ યુથ

**પૂજ્યશ્રી :** આપ્તવાણીઓ એ શાસ્ત્રો તરીકે છે. દાદાના પુસ્તકો ભવિષ્યના મોક્ષ માર્ગના શાસ્ત્ર તરીકે કામ લાગશે. અને ગુજરાતી ભાષાને માતા ગણવી પડશે. એક જમાનામાં સંસ્કૃત ભાષા માતા હતી, આજે ગુજરાતી ભાષા. અને લોકોને વિજ્ઞાન સમજવા માટે ગુજરાતી ભાષા શીખવી પણ પડશે કારણ ત્યાર વગર પૂરેપૂરું સમજમાં આવશે નહીં. ભાષાનું ટ્રાન્સલેશન થાય ખરું પણ થોડુંક સ્લિપ થાય. એટલે અક્રમ વિજ્ઞાન ઊંડાણથી સમજવા ગુજરાતી ભાષા અવળવી જોઈએ.

હવે તો બધા હિન્દી ભાષી અને ફોરેનના મહાત્માઓ પણ ગુજરાતી ભાષાના અમુક શબ્દો વાપરવા માંડ્યા છે.'ચારિત્ર મોહ' અને 'સ્પષ્ટવેદન' જેવા શબ્દો માટે ઈંગ્લિશમાં ટ્રાન્સલેશન શક્ય નથી માટે એ જ શબ્દ વપરાય છે. હિંદીમાંય ગુજરાતી શબ્દો વાપરવા માંડ્યા છે.

**eg..."ધાર્યું કરવું"**

હિન્દી ભાષી આવું વાપરે છે... "धार्यु करने का हमारा दोष है।".

આમાં "धार्यु करना.." તો ગુજરાતી છે... કારણ "ધાર્યું કરવાનું" નું પ્રોપેર અનુવાદ કરીએ તો 'મનમાની' થાય. 'મનમાની'છે ને બહુ નાની કક્ષાનો શબ્દ થઈ જાય છે, નીચલી કક્ષાનો. મનના ધાર્યા પ્રમાણે, અને આ તો અહંકારના ધાર્યા પ્રમાણે. તો એ લાવવું ક્યાંથી ? તે આમાં દાદાની જ ભાષા વાપરીએ તો લોકો યથાર્થ રીતે સમજી જાય અને આપણેય સમજી જઈએ. અને કચરાય સમજે કે મને દેખી લીધો હવે ભાગવું પડશે મારે. એટલે વ્યવહારમાં ઠેઠ કેવળજ્ઞાનના લેવલની વાતો વ્યવહાર સુધી લઈ આવી શક્યા.

ભવિષ્યમાં ગુજરાતી ભાષા જગતને શીખવી જ પડશે, જેને આખું આધ્યાત્મિક વિજ્ઞાન પૂરેપૂરું ઊંડાણે સમજવું હશે તેને. એટલે આ ગુજરાતી ભાષા. સંસ્કૃત ભાષામાંથી આજે પ્રાકૃત ભાષા થઈ અને પ્રાકૃત ભાષામાંથી ગુજરાતી. જેમ મહાવીર ભગવાન વખતે સંસ્કૃત ભાષા ન્હોતી, અર્ધમાગધી ભાષા હતી. તે જ રીતે દાદા વખતે સંસ્કૃત ભાષા નથી પણ ગુજરાતી ભાષા છે. પાટીદારી, શુદ્ધ ગુજરાતી, તળપદી, ચરોતરી એ ભાષામાં વિજ્ઞાન ખુલ્લું થયું છે.

## આ પ્રેરણાથી,
## દાદા ભગવાન ફાઉન્ડેશનમાં
## શરુ થયો, એક પ્રોજેક્ટ...



# લર્ન Learn ગુજરાતી

**Started :** January 2020

**કેટલા મહાત્મા ગુજરાતી શીખ્યા :** ૮000+

**સેવાર્થી :** ૪00+

- નિયમિત હોમ વર્ક અને જરૂરી ફોલો અપ,
- દરેક વિદ્યાર્થી માટે પર્સનલ મેન્ટર
- સર્ટિફિકેટ કોર્સ

# અનુભવો...

**અનીતા શર્મા**
**ગાંધીધામ**

गुजराती सीखने का मेरा अनुभव बहुत ही अच्छा रहा। पद भक्ति करते हैं तो यदि गुजराती समझ में आती हो तो ही हम उसके भावों को गहराई से समझ सकते हैं। पद भी ज्यादातर गुजराती में ही हैं, भक्ति में भी तभी आनंद आता है जब उसको समझ कर की जाए, तो सभी दृष्टि से गुजराती सीखना बहुत ही महत्वपूर्ण है। साथ ही जब हम गुजराती क्लास ज्वाइन करते हैं तो उसमें गुजराती तो सीखने को मिलती ही है पर साथ-साथ और भी बहुत कुछ सीखने को मिलता है जैसे कि टीचर्स का व्यवहार देखकर लगता है कि यह लोग अपने व्यस्त टाइम में से भी टाइम निकाल कर हमें फ्री में पढ़ाते हैं। उनका धैर्य भी देखने को मिलता है कि चाहे कोई बार-बार गलतियाँ करे, पूछे, या सीखने में टाइम लगे फिर भी वह जरा भी विचलित नहीं होते हैं और हम क्लास नहीं सत्संग अटेंड कर रहे हो ऐसा लगता है।

**મીનાક્ષી આંચલિયા**

COVID के दौरान बोरिंग लगने की वजह से हमने लर्न गुजराती के लिए रजिस्टर किया ताकि कुछ नया सीखने को मिले। बाद में LG classes attend करने में और होम वर्क करने में मज़ा आने लगा। फिर हमें मेंटर एलोट हुए, उनके साथ अक्रम एक्सप्रेस और दादा की कोमिक्स पढ़ने में भी बहुत मज़ा आता था। और सबसे बेस्ट चीज क्या लगी कि मेंटर को अपनी files होने के बावजूद मेरे timing के according वे adjust हो जाते थे, मैं जैसा भी बोलती थी, वे accept कर लेते थे। फिर उनके प्रति अहो भाव होने लगा कि कितना जबरदस्त डेडिकेशन है। और अभी पूज्यश्री का कोई भी सत्संग होता है तो मैं उसका हिन्दी ट्रांसलेशन नहीं, ओरिजिनल गुजराती ही सुनती हूँ, मुझे पूज्यश्री और नीरुमाँ की वाणी गुजराती में सुनने में ही मज़ा आता है। दादा के आप्तसूत्र पढ़ने में भी आनंद आता है।

**દિવ્યાંશ જૈન**
**ગાંધીધામ**

बचपन में सत्संग सेंटर जाते थे तो वीडियो गुजराती में रहता था और नीचे हिंदी text रहता था, तब गुजराती बिल्कुल समझ नहीं आता था। ऐसा लगता है कि सभी महात्माओं को गुजराती सीख ही लेनी चाहिए क्योंकि गुजराती नहीं आने की वजह से काफ़ी सत्संग content miss हो जाता है।

**શ્વેતા ઉપાધ્યાય**

लर्न गुजराती कोर्स करते समय मुझे जरा भी मुश्किल का सामना नहीं करना पड़ा। आज मैं खुमारी के साथ कह रही हूँ कि मैं पूज्यश्री को लाइव देखने में समर्थ हूँ जो ज्यादातर गुजराती में ही होता है।

**નિધિ ચૌહાણ**

These classes were really very helpful for me in seva at Mehsana Janma Jayanti and this was my first time spoken Gujarati practice with children in Janma Jayanti. Now I am doing job in Amba School, this learning also helped me in my interview process which required 40% speaking in Gujarati.

After classes now I'm doing Charanvidhi in Gujarati and that's something better than Hindi Charanvidhi. I wish one day I will read Aptvani in parayan in front of Pujyashree.

**રાજેશ ચોટાવડકાર, પનવેલ**

Completion of Gujarati learning classes was a very exciting and remarkable journey since it has not only enriched my understanding about the language but also the rich culture associated with it.

Practice and assignments made us learn the language quickly. The Learn Gujarati classes have enabled me to read Gujarati and understand the meaning of Dada's vaani.

**શ્રેયમ સિંહ, ઓખા**

मेरा अनुभव बहुत ही पोजिटिव रहा, बहुत कुछ सीखने को मिला एकदम ground बेज़िक्स से एडवांस्ड तक। टीचर्स से लेकर मेंटर्स तक सभी ने बहुत सपोर्ट किया। अब मैं दादा की आप्तवाणी या दादावाणी पढ़ता हूँ तो 80-90% समझ में आ जाता है।

**શીના પટેલ, શિકાગો (USA)**

I am amazed at how magical and effortless it was for me to learn Gujarati writing and reading which I never thought was possible for me before (especially as an American born and raised Mahatma). I am able to read many signs during my trip to India and can now read the daily Gujarati Akonnect samayik and other video content notifications.

**કમલા કુન્હારા, ઇન્દોર**


गुजराती लिखना, पढ़ना और बोलना सीखने का अनुभव बहुत आनंददायक रहा। साथ ही दूरदर्शन गिरनार पर दोनों समय का सत्संग भी अच्छे से समझ आ जाता है, यह मेरे लिए एक चमत्कार जैसा ही लगता है।


**વિભા અરોરા, ઔકલેન્ડ (ન્યુઝીલેન્ડ)**


My native language is Hindi. And most of Pujyashree's satsangs happen in Gujarati. So after having scourged the video library in English and Hindi, I felt left out during Parayan and other special events. After completing the course, I'm now able to fluently read, write and understand Pujyashree's Gujarati satsang that I watch on Dada Bhagwan app and I have also recently started reading Aptavanis. I will say I'm able to largely follow Satsang 95% and rest you can make out. For Aptavanis, I can read and get the gist of it. The course is highly recommended for starting your spiritual journey and becoming better human beings.


**દિલીપ રાઠૌડ**


लर्निंग गुजराती और स्पोकन गुजराती क्लास अ‍ॅटेन्ड करने के बाद दादा के अपेक्षित ज्ञान समझने लगा और उसमें मेरा इंटरेस्ट ज्यादा बढ़ा।



મારુ નામ સુવર્ણા છે
હું નિશ્ચય કરું છું આવતી પારાયણમાં
પૂજ્યશ્રીને લાઈવ સાંભળીશ
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા, નીરુમા શક્તિ આપો.



મારુ નામ માધવી છે
હું નિશ્ચય કરું છું આવતી પારાયણમાં પૂજ્યશ્રીને
લાઈવ સાંભળીશ.
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ
દાદા, નીરુમા શક્તિ આપો.



મારુ નામ ઉષા છે.
હું નિશ્ચય કરું છું આવતી પારાયણમાં પૂજ્યશ્રીને
લાઈવ સાંભળીશ.
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા નીરુમા શક્તિ આપો.
Nishchay Session 7 Assignment # 12



Learn Gujrati
Batch 18
!! Jai Satchitanan



મારુ નામ સમાનથા છે.
હું નિશ્ચય કરું છું આવતી પારાયણ
પૂજ્યશ્રી ને લાઈવ સાંભળીશ.
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં
દાદા, નીરુમા શક્તિ


મારુ નામ વિદ્યા છે


નિશ્ચય
મારુ નામ સંગીતા છે
હું નિશ્ચય કરું છું આવતી પારાયણમાં પૂજ્યશ્રીને
લાઈવ સાંભળીશ.
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા નીરુમા શક્તિ આપો.




મારું નામ નમ્રતા શુક્લા છે.
હું નિશ્ચય કરું છું આવતી પારાયણમાં પૂજ્યશ્રીને
લાઈવ સાંભળીશ.
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા, નીરુમા શક્તિ આપો.


નિશ્ચય
મારુ નામ ગબ્રિએલા છે.
હું નિશ્ચય કરું છું આવતી પારાયણમાં
પૂજ્યશ્રીને લાઈવ સાંભળીશ. દાદાની
આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા, નીરુમા શક્તિ આપો.
જય સચ્ચિદાનંદ




મારુ નામ મોરિત્સ છે.
હું નિશ્ચય કરું છું આવતી
પારાયણમાં પૂજ્યશ્રીને લાઈવ
સાંભળીશ. દાદાની
આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા, નીરુમા શક્તિ આપો!
મારુ નામ ઉલ્કા છે. હું નિશ્ચય કરું છું. આવતી પારાયણ માં પૂજ્યશ્રી ને લાઈવ સાંભળીશ. દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ. દાદા, નીરુમા શક્તિ આપો.
મારુ નામ એન્જેલિકા છે.
હું નિશ્ચય કરુ છુ આવતી પારાયણ
માં પૂજ્યશ્રી ને લાઇવ સાંભળીશ.
દાદાની આપ્તવાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા નીરુમા શક્તિ આપો.
હું નિશ્ચય કરું છું
હું આવતી પારાયણમાં
પૂજ્યશ્રી ને લાઈવ સાંભળીશ.
દાદાની વાણી ગુજરાતીમાં વાંચીશ.
દાદા, નીરુમા શક્તિ આપો
જય સચ્ચિદાનંદ
! નિશ્ચય !
હું નિશ્ચય કરું છું
હું આવતી પારાયણમાં
પૂજ્યશ્રીને લાઈવ સાંભળીશ
દાદાની વાણી ગુજરાતીમાં વાંચીશ
દાદા, નીરુમા શક્તિ આપો
! જય સચ્ચિદાનંદ !
મારું નામ મારિઓન
કરું છું. હું આવતી પારાયણમાં
ને લાઇવ સાંભળીશ.
વાણી ગુજરાતીમાં વાંચીશ
નીરુમા શક્તિ આપો.
હું નિશ્ચય કરું છું
હું આવતી
પારાયણમાં
પુજ્યશ્રી ને લાઇવ સંભળીશ
દાદાની વાણી ગુજરાતીમાં વાંચીશ
દાદા, નીરુમા શક્તિ આપો
જય સચ્ચિદાનંદ

# ઓનલાઈન લર્ન ગુજરાતી કોર્સ

## ઝૂમ સેશનના માધ્યમથી


અઠવાડિયે એક-બે વાર અને

weekend batches.



## To register, visit

**http://learngujarati.dadabhagwan.org**




# લર્ન ગુજરાતી
## પાઠશાળા

**પાઠશાળા ચાલુ છે...**
**અડાલજ | અમરાવતી**
**પુણે | કોલકાતા | કોલ્હાપુર**











તમે તમારા શહેરમાં લર્ન ગુજરાતી પાઠશાળા શરુ કરવા માંગતા હો તો સંપર્ક કરો...

**Email: learngujarati@dadabhagwan.org**
**Contact: +91 9820213308**

જર્મન, સ્પેનીશ મહાત્માઓ માટે -
સ્પેનીશ ભાષાથી ગુજરાતી, જર્મન
ભાષાથી ગુજરાતીના સ્પેશીયલ બેચ
ચાલી રહ્યા છે...

હજુ સુધી 300+ મહાત્માઓએ આ
કોર્સમાં ભાગ લીધો છે.

# To join these courses

visit http://learngujarati.dadabhagwan.org

## Laurin Eidam (Student & Sevarthi) (Germany)

I'm grateful for the Gujarati course. We can really come in touch to heart of the true science of Dada, this is really beyond words. I'm grateful that me and Sebastian can be nimitz for supporting the technical that mahatmas could get accessed with, which is really great. It's helpful to learn Gujarati to see how Dada's gnan is working. Though it is relative thing to learn Gujarati but it helps to get beyond the limitation of doership because it is really different language to German actually, it is just possible because of Dada's krupa that is flowing from first session onwards that is just happening. હું દાદાની કૃપા અનુભવું છું જ્યારે હું ગુજરાતી શીખું છું.

## Laura (Spain)

It would be a really nice experience. By the time we finished the course, we could read Dada's books fluently.

## Sebastian Huber (Germany)


The intention to learn Gujarati came up with the intention to understand the speech directly without any translation, and also a lot of the informal conversations with Pujyashree are only in Gujarati language. We started the class knowing nothing about this language and started from scratch. Quickly we learnt all the letters and vowels and where able to read small texts and sentences like the line written on the socket of Lord Simandhar Swami Murtis. After this we focused on grammar and vocabulary. With every word we learnt I feel amazed how great this is to be able to directly read small Aptasutras and in Gujarati language. And from time to time the understanding became better and now in reading these Aptasutras I feel so much happiness with the knowledge that this is exactly as Dada said it in all his depth and all facets of it and the limitation of language translation has been solved for me to this extent of understanding. After the batch finished, I could do some seva in the following batches as Zoom Admin and start follow-up classes like Alumni Class and Spoken Learn Gujarati as continuing support for us to learn Gujarati. Especially in Spoken Class I could see a big benefit in practical interaction in India and International Events. e.g. In GP 2024 there was a small welcome of Pujyashree and before Vidhi there was some informal talk with the Mahatmas, because it was not planned there was no English translation available but just sitting there and listening to the talks the understanding was good enough to get the topics they are talking about and some funny talks that were going on. Many of these experiences reinforce my belief in how great the benefit is in understanding Gujarati and the closeness to Pujyashree, Dimplebhai and all the Mahatmas that comes with it.




# વડીલોની બેચ




અડાલજમાં એવા ઘણા મહાત્મા બેનો છે જે કોઈ વખત સ્કૂલ નથી ગયા, કોઈ વાર બુક-પેન હાથમાં નથી લીધા. એ મહાત્માઓને ગુજરાતી સમજતા તો આવડે છે, પણ લખી-વાંચી નથી શકતા. મહાત્માઓને ખુબ ઉત્સાહ હતો કે અમારે દાદાની વાણી વાંચવી છે, લખતા શીખવું છે. આ મહાત્માઓની હિંમત બન્યા એમના મોટા દીકરા-દીકરી... જેમને એમના ૬0+ ની ઉંમરવાળા મમ્મી માટે પાટી-પેન લાવવાનો અવસર મળ્યો, એમને ગુજરાતી શીખવા મુકવાની તક મળી. આપણા મમ્મી તો આપણને સ્કૂલે મૂકવા આવતા, પણ શું તમે તમારા મમ્મીને સ્કૂલે મૂકવા ગયા છો ?





## એમના થોડા અનુભવો...

**રમીલાબેન પટેલ**

બધા વડીલો જ વડીલોને ભણાવે એવું રાખ્યુ છે. ત્યા અમે બધા ભણવા જતા અને વાંચતા-લખતા આવડી ગયું, બધાય બહુ ખુશ થયા. અમે પરીક્ષા આપી, પાસ થયા. હુંય પાસ થઈ ગઈ. અમારા છોકરાઓ કહે, "મમ્મી હારુ કર્યું કે તમે આટલી ઉમરે વાંચતા-લખતા શીખી ગ્યા. હારુ કે'વાય કે... દાદા ભગવાનમાં સારુ કાર્ય કરી રહ્યા હં." મેં કીધુ, " હા...ભઈ અમને તો બધા શીખવાડે છે...


**મારુ નામ સત્તુબેન કિકાણી.** મને જેવુ વાંચતા આવડતું હતું, એનાથી સરસ વાંચતા આવડી ગયું છે. અને દાદાએ કૃપા વરસાવી છે અને સરસ દૈવીય શક્તિ આપી છે અમને.

**હું સીમંધર સીટીમાં રહુ છું. મારુ નામ હિરાબેન (મકવાણા) છે,** અને મૂળ અમે મોરબીના. ગુજરાતી શીખવા માટે ક્લાસમાં ભણવા આવી, બહુ જ સારુ લાગ્યું. દાદાવાણી અને નાની ચોંપડીઓ સરસ વંચાય છે હવે. વાંચનમાં સરસ સમજાય છે અને ગેડ પડવા મંડી. પહેલા સમજણ નો'તી પડતી મને. બધી ટીચરોએ સારુ કામ કર્યું. અમારા જેવા વડીલોને શીખવી દીધું !!! સરસ મજાનું થઈ ગયુ હં... બસ આવુ ને આવુ બધાય પર કૃપા કરજો. દાદાની કરુણા વરસે અને બધા ગુજરાતી ભાષા શીખે એવી શક્તિ આપે દાદા.

**મારુ નામ ભગવતીબેન સવસાણી છે.** ભણવામાં મને કાંઈ આવડતુ નહોતુ. યાદશક્તિ કાંઈ નહોતી. બેનોએ સરસ મહેનત કરી. દાદા-નીરુમાની ખૂબ કૃપા વરસી એટલે અમારા જેવા ઘણા બેનોને થોડુ થોડુ સરસ વાંચતા-લખતા આવડી ગયુ. બસ એજ. દાદાવાણી, આપ્તવાણી, બધુ વાંચતા આવડી જાય એવી કૃપા કરજો. દાદા-નીરુમા એવી શક્તિ આપે. અમારા કંઠે વિરાજી જજો, અમે તો કાંઈ... સાવ અભણ હતા. કાંઈ ખબર પડતી નહોતી એવી ભગવતી હતી.

**મારું નામ ગીતા દશરથ વાઘેલા છે.** હું અડાલજ, ATPLમાં રહું છું અને રસોઈના કામ કરું છું. મને લખતા-વાંચતા આવડતું ન હતું. લર્ન ગુજરાતીના ક્લાસમાં ૩-૪ મહિના નિયમિત જતી હતી. ચરણવિધિ વાચતા આવડી ગયું છે. મારા રોજના કામમાં, છોકરીને ભણાવવામાં હવે ખુબ સારું પડે છે. ચેક પર અંગૂઠો મારતી હતી પણ હવે સહી કરી શકું છું, બેંકના કામ પણ જાતે કરી શકું છું.


**મારુ નામ મંજુલાબેન ચંદુભાઈ વસાવા છે.** હું ખૂબ ઓછું ભણેલી છું. મને વાંચતા લખતા આવડતું નહોતું. પરંતુ જ્યારથી મેં આ ક્લાસ ચાલુ કર્યા, મને ખૂબ ખૂબ આનંદ થયો. ક્લાસની મેન્ટર બહેનોએ અમને ખૂબ ઉત્સાહપૂર્વક ભણાવ્યા. મને પહેલા લખતા-વાંચતા આવડતું ન હતુ. મને આજે ખૂબ આનંદ થાય છે. મને ખૂબ સારી રીતે લખતા-વાંચતા આવડી ગયું છે. સાથે સાથે અમારા ફાઈલ ૨ એ પણ મને ભણવામાં ખૂબ સાથ સહકાર આપ્યો. અત્યારે મને મોબાઈલમાં વૉટ્સ એપ, ઈ-કનેક્ટ, એનરઝાઈઝર, વાંચતા આવડી ગયું. મોબાઈલ ઑપરેટ કરવા બીજાની મદદ લેવી પડતી હતી, હવે હું જાતે કરુ છું.




**આજે જ લર્ન ગુજરાતી કોર્સ શીખો. તમારી આજુ બાજુમાં રહેતા મહાત્માઓને દાદાનું વિજ્ઞાન વિગતવાર સમજવા આ કોર્સ ભણવા પ્રેરિત કરી, એમને રજીસ્ટ્રેશન કરો...**

**રજીસ્ટર કરવા માટે વિઝીટ કરો :**

**http://learngujarati.dadabhagwan.org**






**COURSE**
**DOWNLOADABLE**
**FOR OFFLINE PRACTICE**


## લર્ન ગુજરાતીનો કોર્સ ડાઉનલોડ કરો.


લર્ન Learn ગુજરાતી

# 50+ GAMES & ACTIVITIES




## ગુજરાતી લખવા-વાંચવાની પ્રેક્ટીસ કરવા માટે 50+ games, activities

50+ interactive games to help practice Gujarati Words, Sentences & Characters with accuracy & ease.

# કવિતા

જેમ છે તેમ પ્રગટ્યું આત્મજ્ઞાન,
દુષમ કાળે આ અચરજ મહાન.

ખુલ્લાં થયા ગૂઢ રહસ્યો તમામ,
કેટલું પારકું ને ક્યાં છે સ્વ મુકામ ?

વ્યવસ્થિતે કેવી કડીઓ જોડાતી,
કે જ્ઞાન ભાષા બની છે ગુજરાતી.

જાણે આ ભાષામાં દેશનાં થાતી,
માનો હવે તો 'મા' થઈ ગુજરાતી.

મોક્ષ સાધવા જાણે સાધન બની,
ભાષા કોઈ વ્હાલું સ્વજન બની.

જગાડતી અને આજેય સંભળાતી,
દાદા બોલ્યા છે, તે ગંગા ગુજરાતી.

દાદાના યુવાનો દ્વારા

વર્ષ: ૧૨, અંક : ૭
સળંગ અંક : ૧૩૯
નવેમ્બર ૨૦૨૪

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2023-2025 valid upto 31.12.2025
Licensed to Post without Pre-payment
No. PMG/NG/104/2023-2025
valid upto 31.12.2025
Posted at Adalaj Post Office on
22nd of every month

## અક્રમ યુથ મેગેઝીનનું પ્રિન્ટીંગ બંધ કરવા બાબતે માહિતી.

જય સચ્ચિદાનંદ મહાત્માઓ,

આજના યુવાનો મેગેઝીન ઓનલાઇન વધુ વાંચી લેતા હોય છે. માટે અક્રમ યુથ (ગુજરાતી) સભ્યોની સંખ્યા ઓછી થતી જાય છે. આ કારણસર આપણે જાન્યુઆરી, 2025 થી અક્રમ યુથ મેગેઝીન પ્રિન્ટ કરવાનું બંધ કરીએ છીએ. સોફ્ટકોપી Akonnect તેમજ youth.dadabhagwan.org પર નિ:શુલ્ક ઉપલબ્ધ રહેશે. ડીસેમ્બર, 2024 પછી અક્રમ યુથ મેગેઝીનના જે સભ્યોની મેમ્બરશિપ બાકી હશે એમને રીફંડ આપવામાં આવશે. રીફંડ મેળવવા માટે નીચે જણાવેલ QR code સ્કેન કરવું અને આપના મેગઝીન અને બેંક ખાતા સબંધી વિગતો ભરવાની રહેશે.

આ ફોર્મ તા. 15 જાન્યુઆરી, 2025 સુધી ભરી દેવા વિનંતી. રીફંડની રકમ **(31 જાન્યુઆરી ,2025)** સુધી આપના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે. આપને આ સંબંધી કોઇ પ્રશ્ન હોય તો મેગેઝીન ટીમ ને dadavani@dadabhagwan.org અથવા મોબાઇલ +91 81550 07500 પર સંપર્ક કરવા વિનંતી.

**- મેગઝીન ટીમ, અડાલજ.**

**રીફંડ મેળવવા માટે**
**QR code સ્કેન કરો**

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation
Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.